©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LV ] WEDNESDAY, 26th FEBRUARY, 2014/PHALGUNA 07, 1935 [No. 24**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**સુરત શહેર, મોજે: બમરોલી વિસ્તારની નગર રચના યોજના, સુરત નં.: ૫૮ (બમરોલી) તૈયાર કરવા બાબત**

## અધિસુચન

નં. ટીપીડી/૭૯૨૨/૨૦૧૪.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૪/૨૦૧૪, તા. ૨૫-૦૨-૨૦૧૪થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૮માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ બમરોલી વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં. ૫૮ (બમરોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૪.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**ઠરાવ :-**

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૫-૦૨-૨૦૧૪નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૦-૦૨-૨૦૧૪નાં પત્ર નં. સીમીસ/૮/૧૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.-૫૮ (બમરોલી) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી

સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.-૫૮ (બમરોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૦૪/૨૦૧૪ સર્વાનુમતે મંજુર.**

---

## સુરત મહાનગરપાલિકા

**સુરત શહેર, મોજે: બમરોલી વિસ્તારની નગર રચના યોજના, સુરત નં.: ૭૨ (બમરોલી) તૈયાર કરવા બાબત**

## અધિસુચન

નં. ટીપીડી/૭૯૨૧/૨૦૧૪.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિય ૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુ મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અનિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈર મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૫/૨૦૧૪, તા. ૨૫-૦૨-૨૦૧૪થી ઠરાવ્યા મુજબ નક નં. ટીપીએસ/૭૨માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ બમરોલી વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં. ૭૨ (બમરોલ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રી કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવ ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૪.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગરપાલિકા.

**ઠરાવ :-**

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૫-૦૨-૨૦૧૪નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૦-૦૨-૨૦૧૪નાં પત્ર નં. સીમીસ/૮/૨૦ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.-૭૨ (બમરોલી) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથ સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.-૭૨ (બમરોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૦૫/૨૦૧૪ સર્વાનુમતે મંજુર.**

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.